*ખાનગી*

***તકેદારી આયોગની ભલામણ અનુસાર ખાતાકીય તપાસ હાથ ધરવા અનુસરવાની કાર્યપદ્ધતિ.***

**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

પરિપત્ર ક્રમાંક-ગતપ-૩૦૮૨-૧૨૫-હ, સચિવાલય, ગાંધીનગર,૧૫મી સપ્ટેમ્બર, ૧૯૮૨

**પરિપત્ર**

સરકારી અધિકારીઓ વિરૂદ્ધ ભ્રષ્ટાચાર કે લાંચરુશ્વતને સ્પર્શતી વર્તણૂક અંગે આવેલ ફરિયાદોની પ્રાથમિક તપાસ ખાતા મારફતે કે લાંચરુશ્વત વિરોધી ખાતા મારફત કરાવવામાં આવે છે, તપાસ કરનાર અધિકારીના પ્રાથમિક તપાસના અહેવાલ ઉપર અને તપાસ દરમિયાન ઉપલબ્ધ થયેલ સાક્ષી પુરાવાઓની વિગતો વિચારણામાં લેતાં જો આક્ષેપો પ્રથમ દ્રષ્ટિએ સાબિત થતા જણાય કે ન જણાય તો પણ તકેદારી આયોગનો અભિપ્રાય મેળવવા માટે તપાસના બધા કાગળો વિભાગના મંતવ્ય સાથે મોકલવામાં આવે છે. આ બધા કાગળો ઉપર પુખ્ત વિચારણાને અંતે તકેદારી આયોગ, કસૂરદાર અધિકારી સામે કસૂરની ગંભીરતા લક્ષમાં લઈને કાં તો કાયદેસરની કાર્યવાહી કરવાની અથવા નિસ્બતકર્તા મુલ્કી સેવા અથવા પંચાયત સેવાના (શિસ્ત અને અપીલ) ના નિયમો અનુસાર ખાતાકીય કાર્યવાહી કરવાની ભલામણ કરે છે. આયોગની ભલામણ પર વિચારણા કરી તે સ્વીકારવી કે કેમ તેનો સરકારશ્રી નિર્ણય કરે છે અને તેની તકેદારી આયોગને જાણ કરે છે.

ઘણીવાર જોવામાં આવ્યું છે કે તકેદારી આયોગની ખાતાકીય કાર્યવાહીની ભલામણોનો સ્વીકાર થયા પછી કસૂરદાર સામે આગળ કાર્યવાહી હાથ ધરતા, કસૂરદાર અધિકારી પોતે તે સમયે તે જગ્યા પર ફરજ બજાવતા ન હતાં, તેઓની જવાબદારી હતી નહી વગેરે હકીકત દર્શાવતું બચાવનામું તેઓને આપવામાં આવેલ આરોપનામાના સંદર્ભમાં રજૂ થતાં તેઓ સામે કોઇ ખાતાકીય કાર્યવાહી શક્ય નથી એમ જણાતાં આગળ કાર્યવાહી પડતી મૂકવાનો કે કસૂરદાર અધિકારીને દોષમુક્ત જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવે છે. આમ થતાં, સમય, નાણાં અને શ્રમનો અકારણ વ્યય થાય છે. આવું ન બને તે માટે પ્રાથમિક તપાસ દરમિયાન નિસ્બતકર્તા અધિકારીને તપાસના વિષય અંગે શું કહેવું છે તે જાણવું અગત્યનું છે. તેથી કસુરદારનો ખુલાસો પ્રાથમિક તપાસ દરમિયાન મેળવવો જરૂરી છે, જેથી ખાતાના વડા કે વહીવટી વિભાગ કસુર અંગે ઘટિત નિર્ણય ઉપર આવી શકે અને કસૂરદાર અધિકારીના ખુલાસા સહિતના પ્રાથમિક તપાસના કાગળો અને ખાતાના વડા કે વહીવટી વિભાગનો અભિપ્રાય વિચારણામાં લઈને તકેદારી આયોગને કસૂરો અંગે યોગ્ય ભલામણો કરવામાં સુગમતા રહે.

તકેદારી આયોગે ખાતાકીય કાર્યવાહી અંગે કરેલ ભલામણોનો સ્વીકાર થયેલ કિસ્સામાં જો કસૂરદારને તહોમતનામું આપવામાં આવ્યું ન હોય અને પ્રાથમિક તપાસના કાગળોમાં કસૂરદારનો ખુલાસો મેળવવામાં આવ્યો ન હોય તો કસૂરદારને યાદી મોકલી કસૂરો અંગેનો ખુલાસો મેળવવો. આ ખુલાસાને આધારે જો તકેદારી આયોગની ભલામણો ઉપર પુનઃવિચારણા કરવી જરૂરી જણાય તો તપાસના બધા કાગળો અને કસૂરદારનો ખુલાસો આયોગ તરફ પરત મોકલીને ભલામણો ઉપર પુનઃ વિચારણા કરવા વિનંતી કરવી અને આયોગે કરેલ નવેસરની ભલામણો અનુસાર જે કાર્યવાહી કરવાની થતી હોય તે પૂર્ણ કરવી.

ઉપરના ફકરામાં જણાવેલ સંજોગો સિવાય એકવાર તકેદારી આયોગની ભલામણ સ્વીકાર્યા બાદ કોઈપણ અધિકારીને વિધિસરનું આરોપનામું બજાવવામાં આવે તો તે આરોપનામાના સંદર્ભમાં ખાતાકીય તપાસ ન કરતાં રજુ થયેલ બચાવનામાનો સ્વીકાર કરીને હળવી શિક્ષા કરવાનો કે તપાસ પડતી મૂકવાનો કે અધિકારીને દોષમુક્ત જાહેર કરવાનો નિર્ણય લેવો નહીં પણ નિસ્બતકર્તા શિસ્ત અને અપીલના નિયમો અનુસાર ખાતાકીય તપાસ આગળ ચલાવી અને તેના અંતે જ યોગ્ય નિર્ણય લેવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના આદેશથી અને તેમના નામે,

**પ્રફુલ્લ ગુપ્તે**

સરકારના નાયબ સચિવ